॥ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથાય નમઃ ॥

"અમૃત વચન"
તમારી આસપાસની બાહ્ય પરિસ્થિતિ તમારી આંતરિક સ્થિતિનું જ પરિણામ હોય છે.

Published Day : Wednesday
Price : 2 /-

# પદ્મ પ્રકાશ કુંજ

PRESS REGISTRAR
GENERAL OF INDIA (PRGI)
Registration Number
GJGUJ/25/A2764

Annual Subscription
Price : 100 /-

Mob : 9499797973 - Email : padmaprakashkunj@gmail.com - Year : 01, Issue: 32, Dt. 10/06/2026, Page : 8

Padm PrakashKunj (Weekly) - Editor, Publisher, Printer & Owner : Doshi Saurabh Pradipbhai , Place Of Publication : Office - 1, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 364515 - Dist : Amreli Gujarat, Printed At : Prakash Printers Office 2, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 3645154 Dist : Amreli Gujarat

# વાલીઓની વ્યથા... શિક્ષણની વ્યવસ્થા... સિલેકટરો- કોન્ટ્રાકટરોની પ્રથા...

તંત્રી સ્થાનેથી...
સૌરભ પી. દોશી
તંત્રી, પદ્મ પ્રકાશ કુંજ

પહેલાંના સમયમાં સ્કૂલના વિદ્યાર્થીઓને પુસ્તકો, નોટબુક, પેન અને અન્ય સ્ટેશનરીની વસ્તુઓ મેળવવા માટે કોઈ એક ખાસ દુકાનની મુસીબત નહોતી. કાપડની દુકાનોમાં પણ યુનિફોર્મ મળી રહેતા. માતા-પિતા પોતાની સુવિધા અને બજારના ભાવ પ્રમાણે ખરીદી કરતા. ડિસ્કાઉન્ટ મળતું, સ્પર્ધા હતી અને નાના દુકાનદારોને પણ રોજી-રોટી મળતી.પરંતુ સમય બદલાયો.

હવે "કોન્ટ્રાક્ટર-સિલેક્ટરી"નું રાજ ચાલે છે. સ્કૂલો દ્વારા ચોક્કસ દુકાનોને કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે. યુનિફોર્મ માટે એક જ દુકાન, સ્ટેશનરી અને પાઠ્યપુસ્તકો માટે બીજી ચોક્કસ દુકાન. દરેક વર્ષે કે બે-ત્રણ વર્ષે યુનિફોર્મ બદલાય છે અને નવો કોન્ટ્રાક્ટ નવી કિંમતે આપવામાં આવે છે. પરિણામ? સામાન્ય ગ્રાહકોને ડિસ્કાઉન્ટની સુવિધા બંધ.

જે ડિસ્કાઉન્ટ મળતો હતો તે હવે સ્કૂલના કેટલાક વ્યક્તિઓની "સાઈડ ઈન્કમ" બની ગયો છે.આ વ્યવસ્થા કાયદા વિરુદ્ધ છે. તે સ્પર્ધાને મારી નાખે છે, નાના વેપારીઓને બર્બાદ કરે છે અને વાલીઓ તથા વિદ્યાર્થીઓના પર્સ પર અન્યાયી બોજ નાખે છે. પરંતુ અવાજ કોણ ઉઠાવે? "અંધેરી નગરી ને ગંડુ રાજા" જેવી સ્થિતિ છે.

જેને ફરિયાદ કરવી જોઈએ તે જ સિસ્ટમનો ભાગ છે. સરકારે આ મામલે સ્પષ્ટ નીતિ બનાવવી જોઈએ કે- દરેક સ્કૂલ માટે એક જ સરળ યુનિફોર્મ હોય, જે કોઈપણ કાપડની દુકાનમાંથી ઉપલબ્ધ હોય.- પાઠ્યપુસ્તકો અને સ્ટેશનરી ખુલ્લા બજારમાં મળે, કોઈ એકલા કોન્ટ્રાક્ટરના મોનોપોલી વિના.- કોન્ટ્રાક્ટ આપવાની પ્રક્રિયા પારદર્શી હોય અને તેના લાભ વિદ્યાર્થીઓને જ મળે, સ્કૂલના અધિકારીઓને નહીં.આ સિસ્ટમ બદલાઈ છે કે નહીં? વાસ્તવમાં તો તે વધુ મજબૂત બની ગઈ છે. શહેરોમાં તો આ વાત સામાન્ય બની ગઈ છે. ગામડાઓમાં પણ આ જ વ્યવસ્થા ફેલાઈ રહી છે. નાના સ્ટેશનરી અને કાપડના દુકાનદારોની દુકાનો સામે તાળા લાગી રહ્યા છે. તેઓ રોજ સવારે ઉઠીને વેપાર કરવા જાય છે પરંતુ સ્કૂલના કોન્ટ્રાક્ટરની છાયામાં તેમની આશા મરી જાય છે.

* મેરા ભારત મહાન? જ્યારે બાળકોનું શિક્ષણ વ્યવસાયનું સાધન બની જાય, જ્યારે વાલીઓના પૈસા અન્યાયી રીતે વસૂલાતા હોય અને જ્યારે નાના વેપારીઓની રોજી-રોટી છીનવાઈ જાય ત્યારે "મહાન" શબ્દનો અર્થ શું રહે છે? આ માત્ર સ્ટેશનરી અને કાપડ વાળાઓની વ્યથા નથી, આ આખા શિક્ષણ તંત્રમાં ઘુસી ગયેલા વ્યાપારીકરણ અને ભ્રષ્ટાચારની વ્યથા છે.

સરકાર, શિક્ષણ વિભાગ અને સ્કૂલ મેનેજમેન્ટને વિનંતી છે આ "કોન્ટ્રાક્ટર રાજ"ને અંત આપો. વિદ્યાર્થીઓ અને વાલીઓને સ્વતંત્રતા આપો. નાના વેપારીઓને તેમનો અધિકાર પાછો આપો.

જો આ નહીં થાય તો "મેરા ભારત મહાન"ના સ્લોગન પાછળની વાસ્તવિકતા હંમેશા અંધેરી જ રહેશે.વેપારીઓનો અવાજ ઉઠાવવાનો સમય આવી ગયો છે. વાલીઓએ પણ પ્રશ્ન પૂછવાનો છે. કારણ કે આ માત્ર યુનિફોર્મ અને પુસ્તકોનો મામલો નથી આ આપણા બાળકોના ભવિષ્ય અને આપણા સમાજની ન્યાયપ્રિયતાનો પ્રશ્ન છે.







## સામાન્ય રીતે લોકો જન્મદિવસ જે રીતે ઉજવતા હોય છે એના કરતાં અમરેલીના કર્મઠ ધારાસભ્ય

## રાજ્યના ઉર્જા પેટ્રો કેમિકલ અને કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરીયા એ 51 હજાર વૃક્ષોનું વાવેતર કરી જન્મદિવસ ઉજવણીની કરી શરૂઆત

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સૌપ્રથમ કૌશિક વેકરીયા એ પોતાના વતન દેવરાજીયા ખાતે પ્રાથમિક શાળાના બાળકોને પુસ્તકો વિતરણ કર્યા અને વૃક્ષારોપણ કરીને કાર્યક્રમની શરૂઆત કરી આ ઉપરાંત વાંકીયા પંચાયતી ના કાર્યકર્તાઓએ વાંકીયા ખાતે મહારક્તદાન કેમ્પ યોજી જન્મદિવસની ઉજવણી કરીઅમરેલીના ધારાસભ્ય અને રાજ્યના ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા પોતાનું જન્મદિવસ અમરેલી વિધાનસભા ક્ષેત્રમાં અનોખી રીતે બનાવ્યો વડાપ્રધાન શ્રી ની એક પેડ મા કે નામ ની અપીલને ધ્યાનમાં રાખી 51 હજાર વૃક્ષ પોતાની વિધાનસભામાં ચોમાસા પહેલા વાવેતર કરવાનો સંકલ્પ જાહેર કર્યો જેને વિધાનસભા ક્ષેત્રના કાર્યકર્તાઓ સંસ્થાઓએ ઉપાડી લીધું અને આજે જેસીંગ પરા ના છેવાડાના વિસ્તાર માં કર્મયોગી ઉપવન નામ આપી 151 વૃક્ષો કાર્યકર્તાઓ દ્વારા વાવેતર કરવામાં આવ્યું ઉપરાંત અમરેલી વિધાનસભાના કેટલાક ગામોમાં વૃક્ષોનું વાવેતર શરૂ થઈ ગયું છે અને ચોમાસુ શરૂ થાય એ પહેલા 51000 વૃક્ષ વાવેતરનો ટાર્ગેટ પણ પૂરો કરવામાં આવશે કૌશિક ભાઈના જન્મદિવસ પ્રસંગે કર્મયોગી ઉપવન ખાતે કાર્યકર્તાઓએ ફૂલડેથી વધાવી વિવિધ સંસ્થાઓ દ્વારા જન્મદિવસની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

પોતાના જન્મદિવસ પ્રસંગે મળી રહેલા વૃક્ષ વાવેતરના સહકાર બદલ દરેક કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો અને અપીલ કરી હતી કે દરેક વ્યક્તિ પોતાના જન્મદિવસ પ્રસંગે 11 વૃક્ષોનું વાવેતર કરવાનો સંકલ્પ લે અને પોતાના વિસ્તારને હરિયાળો બનાવે. આમ સમગ્ર જિલ્લામાં ભાજપના કાર્યકર્તાઓ અને કૌશિકભાઈ વેકરીયા ના સમર્થક મિત્રો સંસ્થાઓ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી

## અમરેલીની પ્રથમ સરકારી માધ્યમિક શાળાનો ઊર્જા અને કાયદો રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે પ્રારંભ

અમરેલી, તા.૦૯ જૂન, ૨૦૨૬ (મંગળવાર) - અમરેલી શહેરના શિક્ષણ ક્ષેત્રે આજે એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ પ્રસંગ સર્જાયો હતો. શહેરની પ્રથમ સરકારી માધ્યમિક શાળાનો પ્રારંભ ગુજરાત સરકારના ઊર્જા અને કાયદો વિભાગના રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનો, શિક્ષણપ્રેમીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓએ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. અમરેલી શહેરની રોકડિયા પરા પ્રાથમિક શાળામાં મંત્રીશ્રીએ પોતાના જન્મદિને બાળકોને ભેટ આપી અને શાળા પ્રવેશ કરાવ્યો હતો. રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર શિક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. ગુણવત્તાયુક્ત અને સર્વસમાવેશક શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નો થઈ રહ્યા છે.

અમરેલી શહેરમાં પ્રથમ સરકારી માધ્યમિક શાળાનો પ્રારંભ થવાથી વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ પોતાના વિસ્તારની નજીક ઉપલબ્ધ બનશે તેમજ વાલીઓને પણ રાહત મળશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે આધુનિક સુવિધાઓ, ડિજિટલ શિક્ષણ, સ્માર્ટ વર્ગખંડો અને વિદ્યાર્થીલક્ષી યોજનાઓના માધ્યમથી શિક્ષણ વ્યવસ્થાને વધુ સશક્ત બનાવવામાં આવી રહી છે.

શિક્ષણમંત્રીશ્રી ડો. પ્રદ્યુમન વાજા દ્વારા અમરેલી જિલ્લામાં ૦૬ નવી માધ્યમિક શાળાઓ મંજૂર કરવામાં આવી છે. આ પૈકી વડિયા અને અમરેલીને એક શાળા મળી છે. આ નવી શાળા અમરેલીના વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખશ્રી, વૈશાલી બહેન માંગરોળીયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી તુષાર જોશી, જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી ડી.એમ ગોહિલ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારીશ્રી જોશી, અગ્રણીશ્રી વિજય ચોટલીયા, શિક્ષકગણ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા

શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદીર સંચાલિત
શ્રી એમ.એલ. શેઠ ઇંગ્લીશ મિડીયમ સ્કુલ
શ્રીમતી આઇ.પી. શાહ પ્રાયમરી સ્કુલ (ગુજરાતી માધ્યમ)
મહુવારોડ, વ્યાયામ મંદીર કેમ્પસ, સાવરકુંડલા. મો. ૯૦૮૧૦ ૯૦૭૯૦
શૈક્ષણિક કાર્યક્ષેત્ર : પ્લેહાઉસ - જુનીયર કેજી/સીનીયર કેજી તથા ધો. ૧ થી ૮ અંગ્રેજી માધ્યમ/ ગુજરાતી માધ્યમ

પ્લે હાઉસ અને સોનલ બાલભવન વિભાગ
તત્પર છે.. આપના બાળકની આંગળી પકડી, ઉજ્જવળ ભવિષ્યનાં સપના સાકાર કરાવવા..

માઇન્ડ ડેવલોપમેન્ટ
* સાયન્ટિફીક રમકડા
* પઝલ ગેઇમ્સ
* ડ્રાફટ્સ
* કલે
* સામાન્ય જ્ઞાન




બાળકને ફીટ અને સ્માર્ટ બનાવતી પ્રવૃત્તિઓ
યોગા * મ્યુઝીકલ રુમ * સેન્ડરૂમ - માટીરૂમ * જમ્પીંગ ડે ફેસ્ટીવલ * ફીઝીકલ ફીટનેસ વધારતા રમકડા

હેલ્થ અને સેફટી
* R.O. વોટર પ્લાન્ટ * વોચમેન * ફર્સ્ટ એડ કીટ * A.C. સુવિધા * માતાતુલ્ય સ્ટાફ

નોંધ : પ્લે હાઉસ માટે શિક્ષક-1 ની જરૂર છે..
અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમમાં, અનુભવીને પહેલી પસંદગી,
લાયકાત PTC અથવા માસ્ટર ડિગ્રી..
આપનો રીઝ્યુમ મો. 8347378089 માં વોટસઅપ કરી સંપર્ક કરશો...

પ્રવેશ કાર્ય શરૂ છે..
આધુનિક ટેકનોલોજી સાથે અનોખુ શિક્ષણ આપતી સાવરકુંડલાની એકમાત્ર શાળા

પ્રવિણભાઇ પારેખ (પ્રમુખ)
દિપકભાઇ શેઠ (ઉપપ્રમુખ)
વિનુભાઇ રાવળ (મેને. ટ્રસ્ટી)
પરેશભાઇ જોષી (કેમ્પસ ડિરેકટર)

## સાવરકુંડલાની કે.કે.મહેતા સરકારી સિવિલ હોસ્પિટલમાં મહિલાના ગર્ભાશયની કોથળીમાંથી 1.4 કિલોની ગાંઠ કઢાઈ



સાવરકુંડલાની કે.કે.મહેતા સરકારી સિવિલ હોસ્પિટલમાં ગર્ભાશયની કોથળીનું સફળતાપૂર્વક ઓપરેશન કરવામાં આવેલા જેમાં મહિલાના ગર્ભાશયની કોથળીમાંથી 1.4 કિલોગ્રામની ગાંઠ કાઢવામા આવેલ હતી.સાવરકુંડલા કે.કે.મહેતા સરકારી હોસ્પિટલમાં એક 37 વર્ષીય મહિલાના ગર્ભાશયની ગાંઢ અને ગર્ભાશયની કોઠળી કાઢવાનું ઓપરેશન કરવામાં આવેલ હતું. મહિલાના ગર્ભાશયની અંદર 15 સે.મી. સાઇઝ અને 1 કીલો 400 ગ્રામની જટિલ ગાંઠ હતી.

ખૂબજ મુશ્કેલી વાળું તેમજ હાઇ રિસ્ક ઓપરેશન કરનાર ડોકટર અભીષેક ચૌહાણ ગાયનેકોલોજીસ્ટ અને એનેસ્થેસ્ટિક ડોકટર હસમુખ કાપડીયા, નર્સિંગ સ્ટાફ જેમાં સંજયભાઇ દેવાણી, તેમજ સહાયક તરીકે ઉદિત પરમાર દ્વારા આ ઓપરેશન સફળતા પૂર્વક પૂરું કરેલ હતું. ગત તારીખ 29/05ના રોજ 37 વર્ષીય મહિલાની અંડાશયની ગાંઠ અંદાજે 12 સે.મી. કાઢવાનુ સફળ ઓપરેશન કરવામા આવેલ હતુ. આ ઓપરેશન હાઈ રિસ્ક ઓપરેશન કરનાર ડોકટર દર્શીતા સોલંકી ગાયનેકોલોજીસ્ટ ડોકટર અભીષેક ચૌહાણ ગાયનેકોલોજીસ્ટ અને એનેસ્થેસ્ટીક ડોકટર હસમુખ કાપડીયા અને નર્સિંગ સ્ટાફ કૌશિક મહેતા દ્વારા આ ઓપરેશન સફળતા પૂર્વક પૂરું કરેલ હતું.

## સાવરકુંડલામાં શાકભાજી માર્કેટ હવે અમરેલી રોડ ખાતરવાડી વિસ્તારમાં શિફ્ટ કરાઈ : બદલાયેલા સ્થાન અંગે શહેરીજનો અને ગ્રામીણ જનતાને નોંધ લેવા અપીલ




■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા પંથકના વેપારીઓ અને ગ્રાહકોના હિતમાં એક મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. સાવરકુંડલા શહેરમાં વર્ષોથી નાવલી નદીના પટમાં બેસતા શાકભાજીના વેપારીઓ માટે હવે અમરેલી રોડ પર આવેલા ખાતરવાડી વિસ્તારમાં નિયમિત અને કાયમી ધોરણે બેસવાની સુંદર તેમજ સુવ્યવસ્થિત વ્યવસ્થા કરવામાં આવી છે.આ નવી વ્યવસ્થાના ભાગરૂપે, સાવરકુંડલા શહેર તેમજ સમગ્ર સાવરકુંડલા તાલુકાના તમામ ગ્રામીણ જનતા અને શહેરીજનોને ખાસ જાણ કરવામાં આવે છે કે, હવેથી શાકભાજી તેમજ બકાલાની ખરીદી કરવા માટે અમરેલી રોડ ખાતરવાડી વિસ્તારમાં આવેલી નવી માર્કેટની જ મુલાકાત લેવાની રહેશે. વર્ષો જૂની નદીના પટવાળી શાકભાજી માર્કેટ હવે નવા સ્થળે શિફ્ટ થઈ ગઈ છે.શાકભાજીના નાના-મોટા વેપારીઓ અને ગ્રાહકો બંનેની સુવિધા જળવાઈ રહે તથા ટ્રાફિક કે અન્ય સમસ્યાઓ ન નડે તે હેતુથી આ નવું આયોજન કરવામાં આવ્યું છે. જેથી સાવરકુંડલા પંથકના તમામ નાગરિકોને આ બદલાયેલા સ્થાનની ખાસ નોંધ લેવા અને હવેથી ખરીદી માટે માત્ર નવી માર્કેટે જ જવાનો આગ્રહ રાખવા નમ્ર વિનંતી છે.

પદ્મ પ્રકાશ કુંજ



# ગુજરાતીઓના થાળીમાં તેલનું વધતું પ્રમાણ આરોગ્ય માટે ચિંતાજનક સંકેત





**નાવલી લાઈવ**

લેખક-મહેન્દ્ર બગડા

અમદાવાદ ફાફડા, ગાંઠિયા, ભજિયા, ખમણ, ઢોકળા અને વિવિધ પ્રકારના ફરસાણ માટે જાણીતા ગુજરાતીઓ હવે દેશભરમાં ખાદ્ય તેલના સૌથી વધુ વપરાશકર્તા તરીકે સામે આવ્યા છે. કેન્દ્ર સરકારના આંકડાકીય વિશ્લેષણ મુજબ ગુજરાતમાં શહેરો અને ગામડાં બંને વિસ્તારોમાં વ્યક્તિદીઠ તેલનો વપરાશ દેશના અન્ય તમામ રાજ્યો કરતાં વધુ છે. આરોગ્ય નિષ્ણાતો આ સ્થિતિને ભવિષ્યમાં સ્થૂળતા, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર અને હૃદયરોગ જેવા રોગો માટે ચેતવણીરૂપ ગણાવી રહ્યા છે.

**ગુજરાતમાં કેટલું તેલ વપરાય છે?**

ઉપલબ્ધ આંકડા અનુસાર ગુજરાતમાં શહેરી વિસ્તારોમાં પ્રતિ વ્યક્તિ દર મહિને સરેરાશ 1.422 કિલો ખાદ્ય તેલ વપરાય છે.ગ્રામ્ય વિસ્તારોમાં પ્રતિ વ્યક્તિ દર મહિને 1.2 કિલો ખાદ્ય તેલ વપરાય છે.જ્યારે ICMR (ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ) દ્વારા ભલામણ કરાયેલ મર્યાદા માત્ર 0.81 કિલો પ્રતિ મહિનો છે.અર્થાત્ ગુજરાતીઓ ભલામણ કરતાં લગભગ 50 થી 75 ટકા વધુ તેલનું સેવન કરી રહ્યા છે.શાકભાજી ઓછાં, તેલ વધુચિંતાજનક બાબત એ છે કે જ્યાં તેલનો વપરાશ વધી રહ્યો છે, ત્યાં શાકભાજીનું સેવન ભલામણ કરતાં ઘણું ઓછું છે.ગુજરાતમાં પ્રતિ વ્યક્તિ દર મહિને માત્ર 5.25 કિલો શાકભાજી ખવાય છે.

જ્યારે આરોગ્ય નિષ્ણાતો દર મહિને લગભગ 12 કિલો શાકભાજી લેવાની સલાહ આપે છે.એટલે કે ગુજરાતીઓના ખોરાકમાં તેલ અને તળેલા પદાર્થોનું પ્રમાણ વધી રહ્યું છે, જ્યારે લીલા શાકભાજીનું પ્રમાણ ઘટી રહ્યું છે.સૌરાષ્ટ્રની ખાણીપીણીમાં સીંગતેલ અને ચણાના લોટનું પ્રભુત્વગુજરાતના અન્ય વિસ્તારોની સરખામણીએ સૌરાષ્ટ્રમાં સીંગતેલ (મગફળીનું તેલ) અને ચણાના લોટનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં થાય છે.

સૌરાષ્ટ્રની પરંપરાગત વાનગીઓમાં ગાંઠિયા, ફાફડા, ભજિયા, સેવ, ચોળાફળી, પાપડી, ચણાના લોટના વિવિધ નાસ્તા મોટાભાગે સીંગતેલમાં તળીને બનાવવામાં આવે છે.ઘણા ગામડાં અને શહેરોમાં સવારના નાસ્તામાં ગાંઠિયા-જલેબી અથવા ફાફડા-ગાંઠિયા લેવાની પરંપરા આજે પણ જીવંત છે. લગ્ન, પ્રસંગો અને તહેવારોમાં પણ ફરસાણનું વિશેષ સ્થાન હોવાથી તેલનું સેવન સ્વાભાવિક રીતે વધી જાય છે.બદલાતી જીવનશૈલી પણ જવાબદારનિષ્ણાતોના મતે છેલ્લા દાયકામાં લોકોની જીવનશૈલીમાં મોટો ફેરફાર આવ્યો છે.ઘરેલું ભોજનનું પ્રમાણ ઘટ્યું છે.ફૂડ ડિલિવરી એપ્સ દ્વારા ફાસ્ટ ફૂડ સરળતાથી ઉપલબ્ધ બન્યું છે.બહાર જમવાની આદત વધી છે.બેઠાડું જીવન (Sedentary Lifestyle) વધ્યું છે.શારીરિક શ્રમ અને કસરત ઘટી છે.પરિણામે શરીરમાં જેટલી કેલરી દાખલ થાય છે તેટલી બળી શકતી નથી.દૂધમાં ગુજરાત આગળ, કઠોળમાં મધ્યમ સ્થિતિગુજરાત દૂધ અને દુગ્ધ પદાર્થોના વપરાશમાં દેશના અગ્રણી રાજ્યોમાં સામેલ છે. પરંતુ કઠોળ (દાળ-કઠોળ)ના વપરાશમાં સ્થિતિ મધ્યમ છે.નિષ્ણાતો માને છે કે જો લોકો તેલ અને તળેલા પદાર્થોનું પ્રમાણ ઘટાડીને દાળ, શાકભાજી, ફળ અને સલાડનું પ્રમાણ વધારશે તો પોષણનું સંતુલન જળવાઈરહેશે.

**આરોગ્ય માટે શું કરવું?**

આરોગ્ય નિષ્ણાતોની સલાહ દરરોજ ઓછામાં ઓછા 400 ગ્રામ શાકભાજી અને ફળો ખાવા. તળેલા નાસ્તાનું પ્રમાણ ઘટાડવું. સીંગતેલ સહિત કોઈપણ તેલ મર્યાદિત માત્રામાં વાપરવું. બહારના ફાસ્ટ ફૂડ અને પેકેજડ ફૂડ ઓછા લેવા. નિયમિત ચાલવું, યોગ અને કસરત કરવી. બાળકો અને યુવાનોમાં જંક ફૂડની આદત ઘટાડવી.ગુજરાતીઓની ઓળખ સ્વાદિષ્ટ ફરસાણ અને ગાંઠિયા-ફાફડા સાથે જોડાયેલી છે. પરંતુ સ્વાદ અને સ્વાસ્થ્ય વચ્ચેનું સંતુલન જાળવવું હવે સમયની માંગ બની ગયું છે.

જો ખોરાકમાં તેલનું વધતું પ્રમાણ અને શાકભાજીનું ઘટતું પ્રમાણ આવનારા વર્ષોમાં પણ યથાવત રહેશે, તો ગુજરાતમાં સ્થૂળતા, ડાયાબિટીસ અને હૃદયરોગના કેસોમાં વધુ વધારો જોવા મળી શકે છે.

સ્વાદ જાળવતા સ્વાસ્થ્યનું પણ ધ્યાન રાખવું હવે દરેક ગુજરાતી માટે જરૂરી બન્યું છે.

# બેડમિન્ટનનો સરતાજ પ્રકાશ પાદુકોણ



**જન્મ તારીખ- 10/06/1955**


**(હેપી બર્થડે ટુ યુ)**

ભારતીય રમત ગમત ના ક્ષેત્રો માં ક્રિકેટ આપણી ખૂબ લોકપ્રિય રમત રહી છે.તો પશ્ચિમ ના દેશો માં બેડમિન્ટન અને ફૂટબોલ અત્યંત લોકપ્રિય અને ઘરે ઘરે રમાતી રમત છે.ફ્રેન્ચ ઓપન બેડમિન્ડન માટે અને ફિફા વર્લ્ડ કપ ફૂટબોલ માટે ખૂબ પ્રસિધ્ધિ પ્રાપ્ત રમતો રહી છે.આપણી રાષ્ટ્રીય રમત હોકી અને આપણા દેશ માં તાજેંતર માં રમાયેલ I P L અને ક્રિકેટ વર્લ્ડ કપ આપણા દેશ માં વિશેષ જોવાતી રમત છે.આપણા દેશમાં અનેક રમતો વિશ્વ પ્રસિધ્ધ છે.પરંતુ દેશ માં બેડમિન્ટન ની રમત માં એક માત્ર નામ પ્રકાશ પાદુકોણ નું જ પ્રખ્યાત બન્યું છે.

જુદા જુદા ક્ષેત્રો માં અનેક વ્યક્તિઓ પોતાની નામના અમર કરી જાય છે.કોઈ ખેલાડી પોતાના ખેલ દ્વારા,તો કોઈ અભિનેતાના રૂપમાં તેના અભિનય દ્વારા,તો વળી કોઈ મોટા રાજકીય ક્ષેત્ર માં પોતાની ઊંડી છાપ છોડી જાય છે.

ગત તારીખ 10/06/1955 ની તારીખે વહેલી સવારે 03/- વાગ્યે બેંગલોર શહેર માં જન્મ લેનાર આ મહાન ખેલાડી ની જન્મ કુંડળી માં એવા તે ક્યાં સારા યોગો હતા કે તેમને એકધારા સાત વર્ષ સુધી પોતાની નેશનલ ચેમ્પિયન શીપ બરકરાર રાખી.ઈંગ્લેન્ડ જેવા દેશ ના ખેલાડી સામે ઓલ ઈન્ડિયા બેડમિન્ટન શીપ માં મેઈન સિંગલ ફાઈનલ માં ઐતિહાસિક જીત મેળવી દેશ નું નામ સુવર્ણ અક્ષરો માં પ્રસિધ્ધ કર્યું.

સામાન્ય રીતે આપણ ને થાય કે ખેલાડી માત્ર નો મંગળ બળવાન હોય એટલે તેને રમત ગમત ના ક્ષેત્રો માં સફળતા મળે. જયારે અહીં પ્રકાશ પાદુકોણ ની જન્મ કુંડળી માં તો બે બે પંચ મહાપુરુષ યોગ(ઉચ્ચ ના ગુરુ દ્વારા પ્રાપ્ત થતો હંસ યોગ અને ઉચ્ચ ના શનિ દ્વારા થતો શશ યોગ) ની અનન્ય કૃપા તેને ટોચ ઉપર લઈ ગઈ હતી.બેડમિન્ટન ની રમત કે કોઈપણ રમત માં આંખ,હાથ,પગ અને મગજ અરે શરીર ના દરેકે દરેક અંગો અતિ સક્રિય બની ને કામ કરતા હોય તો જ ખેલાડી નામના અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકે.આપ ખૂબ ધ્યાન થી તેની જન્મ કુંડળી માં જુઓ.તો દેહ ના બીજા અને બારમાં ભાવ થી દેહ માં ડાબી અને જમણી આંખો નો ખ્યાલ આવી શકે છે.તેઓના બીજા સ્થાન માં સ્વ ગૃહી શુક્ર અને બારમાં ભાવ નો અધિપતિ ગુરુ હંસ યોગ કરી ને ઉચ્ચ નો રહ્યો છે.વળી આ ગુરુ ની સામે મન નો અધિપતિ ચંદ્ર




હોવાથી મન ની એકાગ્રતા માં વિશેષ વધારો પ્રાપ્ત થાય છે.દેહ ભાવ ના અધિપતિ મંગળ ની કેતુ સાથેની યુતિ તેને આક્રમક બનાવે છે તો સાથે રહેલો સ્વગૃહી બુધ તેની આક્રમકતા ને ખૂબ સુંદર સ્વરૂપ આપે છે અને તેની વિચક્ષણ નિર્ણય શક્તિ નો પરિચય આપે છે.તેઓના કર્મ સ્થાન નો અધિપતિ શનિ પણ સાતમા ભાવે તુલા રાશી માં ઉચ્ચ નો બની ને શશ યોગ નામનો બીજો પંચ મહાપુરુષ યોગ બનાવે છે.આ રીતે ઉચ્ચ ના ગુરુ થી બનતો હંસ યોગ અને ઉચ્ચ ના શનિ થી બનતા શશ યોગે આ ખેલાડી ને ફક્ત ભારત ના જ નહીં. પરંતું વિશ્વ ના પ્રખ્યાત ખેલાડીઓ ની શ્રેણી માં સ્થાન આપ્યું છે.

આમ શાસ્ત્રો એ જણાવ્યા મુજબ પંચ મહાપુરુષ માં નો એકાદ બે યોગો જો જન્મ કુંડળી માં બનતા હોય તો વ્યક્તિ ખૂબ નામના,ધન, યશ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે જ છે. જયારે પ્રકાશ પાદુકોણ ને તો બે ગૃહો ગુરુ અને શનિ એ ઉચ્ચ ના બની ધન,મન સુખ,સંપતિ અને ઉચ્ચ પ્રતિષ્ઠા ના યશ ભાગી બનાવ્યા છે.

તો ભાગ્ય સ્થાન માં રહેલા રાહુ એ નીચરાજભંગ યોગ નો લાભ આપી પોતાની મહાદશા માં ગુરુ અને શનિ ની અંતર્દશા સમયે 1972 થી 1978 સુધી તેને નેશનલ ચેમ્પિયન શીપ જીતાડી હતી.

પ્રકાશ પાદુકોણ ની જન્મ કુંડળી માં આ સિવાય પણ ગુરુ ચંદ્ર નો આંશિક ગજ કેસરી યોગ હોઈ બંને ગ્રહો કેન્દ્ર માં સામસામે શુભત્વ પ્રદાન કરે છે.તો સ્વ ગૃહી બુધ અને સ્વ ગૃહી શુક્ર તેની જન્મ કુંડળી ને અતિ બળવાન બનાવનારા રહ્યા છે.જન્મ લગ્ન થી ચોથા ભાવ નો ઉચ્ચ નો ગુરુ તેમજ દસમા ભાવે કેન્દ્ર નો ચંદ્ર ઉતમ અમલા યોગ નું નિર્માણ કરતા અને પાંચમાં ભાવ નો અધિપતિ સૂર્ય સ્વ ગૃહી શુક્ર સાથે હોય દીપિકા પાદુકોણ જેવી ઉતમ હોનહાર અભિનેત્રી ના પિતા નું ગૌરવ પણ મેળવ્યું છે.

એસ્ટ્રોલોજી એ તો અનુભવ કરવાનો અને તેના જ્ઞાન દ્વારા ઉતમ જીવન જીવવા નો તેમજ જિંદગી ને ઉતમ રસ્તે વાળવા નો જીવન શ્રેષ્ઠ માર્ગે લઈ જવાનો ઉતમ અરીસો છે.જરૂર છે સાચો રાહ બતાવનાર રાહગીર ની.....!!!

આજે દેશ માં બેડમિન્ટન ની રમત ને લોકપ્રિય કરનાર મહાન ખેલાડી શ્રી પ્રકાશ પાદુકોણ ને તેઓ ના જન્મ દિવસે ખૂબ ખૂબ શુભકામનાઓ અને અભિનંદન...

શુભમ ભવતુ



**શાસ્ત્રી શ્રી ઘનશ્યામભાઈ ત્રિવેદી**
MA (સંસ્કૃત) MA (એસ્ટ્રોલોજી)
(શ્રીમદ ભાગવત કર્મકાંડ અને જ્યોતિષાચાર્ય માર્ગદર્શક)
(વૈદિક સત્ કાર્ય ના સંવાહક)
મો.94264 84288, મો. 63536 03800
સાવરકુંડલા/ભાવનગર/બરોડા.

# હક ચોકસી એટલે શું ? સંપત્તિને સિટીસર્વેમાં કઈ રીતે ચડાવવી ??

કાયદાની કલમે...
નિલેશભાઈ એન. ચૌહાણ
એડ્વોકેટ, ગુજરાત હાઈકોર્ટ (M.Com, LL.B.)

વાંચકમિત્રો, ઘણા લોકો પાસેથી જાણવા મળે છે કે તેની પાસે મિલકત છે તે સીટી સર્વેમાં ચડેલ નથી,જેના કારણે તેને તબદીલ કરવા માટે ઘણી મુશ્કેલી પડે છે,તો આજે આપણે જાણીશું કે કઈ રીતે આપ ની મિલકત સીટી સર્વેમાં ચડાવી શકાય ??

ગુજરાતમાં જમીન અને મિલકતના રેકોર્ડમાં હક ચોકસી (Haq Choksi) એ ખૂબ જ મહત્વનો કાનૂની અને મહેસૂલી શબ્દ છે, જે ખાસ કરીને નગરપાલિકા કે સિટી સર્વે (City Survey) વિસ્તારની મિલકતો સાથે જોડાયેલો છે.

*૧. હક ચોકસી એટલે શું?જ્યારે કોઈ ગામ કે વિસ્તારનો વિકાસ થાય અને તેનો સમાવેશ નગરપાલિકા, મહાનગરપાલિકા કે સિટી સર્વેની હદમાં કરવામાં આવે, ત્યારે સરકારી તંત્ર (સિટી સર્વે ઓફિસ) દ્વારા તે વિસ્તારની તમામ મિલકતોની માલિકી કોની છે તેની ચોકસાઈ કરવા માટે એક ખાસ સર્વે કરવામાં આવે છે. આ પ્રક્રિયાને 'હક ચોકસી' (Title Verification / Right Enquiry)* કહેવાય છે.* *પ્રક્રિયા* આ પ્રક્રિયા દરમિયાન સરકારી અધિકારીઓ (હક ચોકસી અધિકારી) દરેક મિલકતદાર પાસે જાય છે અને તેની માલિકીના પુરાવા (જેમ કે અસલ દસ્તાવેજ, રસીદો, પૂર્વજોના હક) મંગાવે છે. પરિણામ આ તપાસ પૂરી થયા પછી જ સરકારી ચોપડે તે વ્યક્તિનું નામ સત્તાવાર માલિક તરીકે *'પ્રોપર્ટી કાર્ડ' (Property Card)* માં ચડાવવામાં આવે છે. ટૂંકમાં, આ મિલકત પર તમારો કાયદેસરનો હક (માલિકી) નક્કી કરવાની સરકારી પ્રક્રિયા છે.

*૨. નગરપાલિકા દ્વારા ફાળવેલી જગ્યાને વેચાણપાત્ર કઈ રીતે ફેરવી શકાય?*નગરપાલિકા દ્વારા ફાળવવામાં આવેલી જગ્યાઓ (પ્લોટ, દુકાન કે મકાન) સામાન્ય રીતે 'નવી શરત' (New Tenure) અથવા 'લીઝ હોલ્ડ' (Leasehold - ભાડાપટ્ટા) ના પ્રકારની હોય છે. આવી મિલકતો પર સરકાર કે નગરપાલિકાનો પ્રથમ હક હોય છે, તેથી તેને સીધી વેચી શકાતી નથી. તેને વેચાણપાત્ર (જૂની શરત અથવા ફ્રી-હોલ્ડ) માં ફેરવવા માટે નીચે મુજબના કાનૂની તબક્કાઓમાંથી પસાર થવું પડે છે

* સ્ટેપ ૧ - નગરપાલિકાનો ઠરાવ મેળવવો*સૌથી પહેલાં તમારે નગરપાલિકાના ચીફ ઓફિસર (Chief Officer) ને સંબોધીને અરજી કરવી પડે છે કે, "મને ફાળવેલી જગ્યા હું નિયમોનુસાર પ્રીમિયમ ભરીને વેચાણપાત્ર/માલિકી હકની કરવા માંગું છું." નગરપાલિકાની સામાન્ય સભામાં આ અંગેનો 'ઠરાવ' (Resolution)* પાસ થવો જરૂરી છે.

* સ્ટેપ ૨ - કલેક્ટર અથવા સક્ષમ સત્તાધિકારીની મંજૂરી

નગરપાલિકા સીધી જમીન મુક્ત કરી શકતી નથી. નગરપાલિકાના ઠરાવ સાથેની ફાઈલ જિલ્લા કલેક્ટર (Collector) અથવા પ્રાદેશિક કમિશનર (Regional Commissioner of Municipalities) ની કચેરીમાં મોકલવામાં આવે છે. કલેક્ટર કચેરી આ જમીનની શરતોની તપાસ કરે છે.

* સ્ટેપ ૩ - પ્રીમિયમ (નિયત રકમ) ની ચુકવણી જગ્યાને વેચાણપાત્ર ફેરવવા માટેનો આ સૌથી મહત્વનો ભાગ છે. * સરકાર/નગરપાલિકા તે મિલકતની ચાલુ વર્ષની 'જંત્રી કિંમત' (Jantri Value) ધ્યાને લે છે.* કાયદાકીય નિયમો મુજબ, મિલકતના પ્રકાર (રહેણાંક કે કોમર્શિયલ) ના આધારે જંત્રીના નક્કી કરેલા ટકા (જેમ કે ૨૫%, ૪૦% કે તેથી વધુ) રકમ 'પ્રીમિયમ' અથવા 'રૂપાંતર ફી' (Conversion Fees) તરીકે સરકારી તિજોરીમાં જમા કરાવવાની નોટિસ આપવામાં આવે છે.

*સ્ટેપ ૪ - જૂની શરત / ફ્રી-હોલ્ડનો ઓર્ડર*તમે નક્કી કરેલી પ્રીમિયમની રકમ ભરી દો એટલે કલેક્ટર અથવા નગરપાલિકા દ્વારા સત્તાવાર 'જૂની શરતનો હુકમ' (Old Tenure Order / Freehold Order) બહાર પાડવામાં આવે છે. આ ઓર્ડરમાં સ્પષ્ટ લખ્યું હોય છે કે હવે મિલકતના માલિક આ જગ્યા કોઈને પણ વેચવા, ગીરો મૂકવા કે બક્ષિસ આપવા માટે મુક્ત છે.

*સ્ટેપ ૫ - મહેસૂલી રેકોર્ડમાં નોંધ (Property Card/7-12)*આ ઓર્ડર મળ્યા પછી તમારે સિટી સર્વે ઓફિસ અથવા તલાટી પાસે જઈને પ્રોપર્ટી કાર્ડમાં નોંધ (Mutation Entry) પડાવવી પડે છે. પ્રોપર્ટી કાર્ડમાંથી 'નવી શરત' કે 'નગરપાલિકા માલિકી' શબ્દ નીકળી જાય અને સત્તા પ્રકારમાં 'જૂની શરત' (Old Tenure) આવી જાય, ત્યારબાદ તે મિલકત સંપૂર્ણપણે વેચાણપાત્ર બને છે.

# રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અમરેલી જિલ્લાને રાજ્ય કક્ષાના પ્રતિષ્ઠિત "ઓવરઓલ એક્સેલન્સ" એવોર્ડનું સન્માન

આલેખન અને સંકલન : ધર્મેશ વાળા



અમરેલી તા. ૩૦ મે,૨૦૨૬ (શનિવાર) - દર વર્ષે ૩૧મી મે ના રોજ 'વિશ્વ તમાકુ નિષેધ દિન'ની ઉજવણી હાથ ધરવામાં આવે છે. આ વર્ષની થીમ Unmasking the appeal-Countering Nicotine and Tobacco Addiction છે. આ થીમ અંતર્ગત દેશવ્યાપી કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ (DTCC) અમરેલીના અથાગ પ્રયાસો અને આયોજનબદ્ધ જનજાગૃતિ અભિયાનના ભગીરથ પ્રયાસ થકી જિલ્લાને રાજ્ય કક્ષાના પ્રતિષ્ઠિત "ઓવરઓલ એક્સેલન્સ" એવોર્ડનું સન્માન પ્રાપ્ત થયું છે. ૭૯મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે આ રાષ્ટ્રીય કાર્યક્રમ હેઠળ ઉત્કૃષ્ટ સેવા અને સમર્પણ દાખવવા બદલ તમાકુ નિયંત્રણ સેલના કર્મચારીઓને વિશેષરૂપે સન્માનિત કરી પ્રોત્સાહિત પણ કરવામાં આવ્યા હતા. જિલ્લામાં નાગરિકો વ્યસનમુક્તિ મેળવીને તંદુરસ્ત જીવનશૈલી અપનાવે તે માટે વર્ષભર વ્યાપક જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું.

તમાકુના દૂષણ સામે લોકજાગૃતિ લાવવા માટે કુલ ૧૧ જેટલી તમાકુ નિષેધ રેલીઓ યોજાઈ હતી, જેમાં ૬૬૫ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ફોકસ ગૃપ ડિસ્કશન (FGD)/શિબિર હેઠળ સામુદાયિક સ્તરે ઊંડાણપૂર્વક સમજણ આપવા માટે ૫૦ જેટલી શિબિરોનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું,

જેમાં ૧,૯૫૩ નાગરિકો સહભાગી બન્યા હતા. તમાકુ મુક્તિ માટે જિલ્લામાં રેકોર્ડબ્રેક ૩૧૪ જેટલા તમાકુ નિષેધ સંકલ્પ કાર્યક્રમો યોજીને ૫,૯૪૨ લોકોને વ્યસનમુક્તિના શપથ લેવડાવવામાં આવ્યા હતા. યુવા પેઢી અને બાળકોને નાની ઉંમરથી જ તમાકુના ઝેરી પ્રભાવથી બચાવવા માટે શૈક્ષણિક સંસ્થાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

જિલ્લાની તમામ સરકારી, અર્ધ-સરકારી અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ કોલેજો મળીને કુલ ૭૭૮ શૈક્ષણિક સંસ્થાઓમાં "તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થા" (ToFEI) ના કડક નવ મુદ્દાઓ લાગુ કરવામાં આવ્યા છે. ઉપરાંત ચિત્ર સ્પર્ધા, સાઈનેજ બેનરોનું પ્રદર્શન યોજીને જનજાગૃતિ વધારવામાં આવી હતી. માત્ર સમજાવટ જ નહીં, પરંતુ કાયદાનું કડક પાલન કરાવીને પણ વહીવટી તંત્ર દ્વારા શિસ્ત લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ (COTPA) ની વિવિધ કલમો હેઠળ જાહેરમાં ધૂમ્રપાન કરનારા કે, નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કુલ ૧,૫૩૨ કેસો દાખલ કરવામાં આવ્યા હતા. કુલ રૂપિયા ૧,૫૦,૨૫૫નો દંડ વસૂલ કરી કાયદાનું પાલન કરાવવા માટેના પ્રયાસો કરવામાં આવ્યા હતા. જિલ્લાના કુલ ૨,૮૪૯ લોકોને તમાકુનું વ્યસન હંમેશા માટે ત્યજીને તંદુરસ્ત જીવન જીવવા માટે પ્રોફેશનલ કાઉન્સેલિંગ પૂરું પાડવામાં આવ્યું છે.

શાળા-કોલેજના બાળકો આ કુટેવથી દૂર રહે તે માટે શૈક્ષણિક સંસ્થાઓમાં ૧૮૭ વ્યક્તિગત સંપરામર્શ અને જૂથ ચર્ચાઓ યોજવામાં આવી હતી. ગ્રામીણ સ્તરે અમરેલી જિલ્લાએ જે ઈતિહાસ રચ્યો છે, તે સમગ્ર ગુજરાત માટે ગૌરવ સમાન છે. જિલ્લાના ૬૨૬ ગામોની ૬૦૩ ગ્રામ પંચાયતોમાં "સ્મોક ફ્રી વિલેજ" (ધૂમ્રપાન મુક્ત ગામ) ના કડક માપદંડો અનુસરવા માટે સત્તાવાર ગ્રામસભાના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. અત્રે એ ઉલ્લેખનીય છે કે, સમગ્ર રાજ્યમાં આ સિદ્ધિ માત્ર અમરેલી જિલ્લાએ જ હાંસલ કરી છે. આ ૬૨૬ ગામોમાં યોજાયેલા તમાકુ નિષેધ સંકલ્પ અને વ્યાપક વ્યસનમુક્તિ કાર્યક્રમોમાં કુલ ૧૮,૮૪૭ ગ્રામજનો સીધા જોડાઈને જનઆંદોલનમાં સહભાગી બન્યા હતા. 'ટોબેકો ફ્રી યુથ કેમ્પેઈન ૩.૦' (TFYC 3.0) અને 'નશામુક્ત ભારત અભિયાન' (NMBA) અંતર્ગત હજારો યુવાનોને ઓનલાઈન તેમજ ઓફલાઈન માધ્યમથી વ્યસનમુક્તિના ડિજિટલ સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા. જેના થકી જનજાગૃતિ પ્રસરાવવામાં મદદ મળી છે.

# અમરેલીમાં યોજાશે "વિકસિત ભારત સંકલ્પ સંમેલન"

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, સુશાસન અને વિકાસના ૧૨ વર્ષની ઉજવણી અંતર્ગત યોજાશે સરકારની સિદ્ધીઓની પ્રદર્શન

અમરેલી, તા. ૦૭ જૂન, ૨૦૨૬ (રવિવાર) - વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સેવા, સુશાસન અને વિકાસના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર દેશમાં વિવિધ જનકલ્યાણકારી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અનુસંધાને અમરેલી ખાતે પ્રભારીમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, ઉર્જા રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયા સહિતના મહાનુભાવનો અધ્યક્ષ સ્થાને વિકસિત ભારત સંકલ્પ સંમેલન યોજાશે.આ સંમેલનમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ, વિકાસલક્ષી પહેલો અને છેલ્લા વર્ષોમાં દેશ તથા રાજ્યમાં સર્જાયેલા પરિવર્તનાત્મક વિકાસકાર્યો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવશે. સાથે જ વિકાસયાત્રાના અનુભવોની રજૂઆત તેમજ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં નાગરિકોની ભૂમિકા અંગે માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત અમરેલીની વિકાસયાત્રાને વર્ણવતી પ્રદર્શની પણ દર્શાવવામાં આવશે.સંમેલનમાં જિલ્લાના વિવિધ ક્ષેત્રોના આગેવાનો, જનપ્રતિનિધિઓ, યોજનાઓના લાભાર્થીઓ, યુવાનો, મહિલા શક્તિ, સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહેશે.વિકસિત ભારતના રાષ્ટ્રીય સંકલ્પને જનઆંદોલનનું સ્વરૂપ આપવા અને વિકાસના લાભોને સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે યોજાનાર આ સંમેલન અમરેલી જિલ્લામાં વિકાસ અંગે જનજાગૃતિ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે યોજાશે 'ફ્રી સમર સ્કિલ વર્કશોપ-૨૦૨૬' તા.૨૧ જૂન, ૨૦૨૬ સુધીમાં અરજી કરવી

અમરેલી તા. ૦૪ જૂન, ૨૦૨૬ (ગુરુવાર) - ધો. ૦૮ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા હોય તેવા અમરેલી જિલ્લાના ઉમેદવારોને રોજગારીલક્ષી માર્ગદર્શન મળી રહે અને તેમની ઉજ્વળ કારકિર્દીના ઘડતર માટે જરૂરી કૌશલ્ય વિકાસના હેતુસર કૌશલ્ય વર્ધન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે યોજનાર આ તાલીમથી ઉમેદવારો વાકેફ થાય તેમજ તેઓને કારકિર્દી ઘડતર માટે વિશેષ માર્ગદર્શન મળી રહેશે. આગામી તા. ૨૨ જૂન અને તા.૨૩ જૂન, ૨૦૨૬ના રોજ સવારે ૧૦૦૦ કલાક થી બપોરે ૦૩.૦૦ કલાક સુધી અમરેલી આઈ.ટી.આઈ. ખાતે "FREE SUMMER SKILL WORKSHOP 2026"નું આયોજન છે. જેમાં કમ્પ્યુટર, સીવણ, ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ, સિવિલ, હેલ્થ, કેમિકલ, બ્યુટી પાર્લર, જેવા વિવિધ ગ્રુપની ૦૨ દિવસની પ્રાયોગિક તાલીમ આપવામાં આવશે. આ તાલીમ કાર્યક્રમ પૂર્ણ કરનાર તાલીમાર્થીઓને તે અંગેનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. આથી, ધો.૦૮ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા અને લાભ લેવા ઈચ્છતા તમામ ઉમેદવારોએ ૯૪૨૪૦ ૧૭૬૨૬ પર પોતાનું નામ લખી વ્હોટ્સ અપ મેસેજ કરી તા.૨૧ જૂન, ૨૦૨૬ સુધીમાં રજિસ્ટ્રેશન કરાવી લેવું.



# સંગીત

**લીવ આર્ટિસ્ટિક**

**કંદર્પ ભટ્ટ**

M.A.B.Ed in Music

## વાંસળી (Flute)

એ વિશ્વના સૌથી પ્રાચીન અને મધુર સુષિર (ફૂંકીને વગાડવાના) સંગીત વાદ્યોમાંનું એક છે. ભારતીય સંસ્કૃતિ અને સંગીતમાં તેનું સ્થાન અત્યંત પવિત્ર અને અનોખું છે. ગુજરાતીમાં તેને સામાન્ય રીતે વાંસળી, મોરલી, બંસરી, વેણુ કે પાવો તરીકે ઓળખવામાં આવે છે.વાંસળીનો સંપૂર્ણ પરિચય અને તેનો ઇતિહાસ નીચે મુજબ છે

૧. વાંસળીની વ્યાખ્યા અને બનાવટસામગ્રી વાંસળી મુખ્યત્વે વાંસના પોલા નળાકારમાંથી બનાવવામાં આવે છે. દક્ષિણ ભારતના નાગરકોઇલ પ્રદેશમાં થતા વાંસમાંથી સૌથી ઉત્તમ ગુણવત્તાની વાંસળીઓ બને છે.રચના આ એક નળી જેવું વાદ્ય છે, જેનો એક છેડો બંધ અને બીજો છેડો ખુલ્લો હોય છે. તેમાં સામાન્ય રીતે ૬ અથવા ૭ કાણાં (છીદ્રો) હોય છે. બંધ છેડાની નજીક આવેલા મુખ્ય છિદ્ર પર હોઠ રાખીને ફૂંક મારવામાં આવે છે અને બાકીના છિદ્રો પર આંગળીઓ ફેરવીને સૂર કાઢવામાં આવે છે.કદ વાંસળીની લંબાઈ સામાન્ય રીતે ૧૨ ઈંચથી લઈને ૪૦ ઈંચ સુધીની હોઈ શકે છે.

૨. ઐતિહાસિક અને પૌરાણિક મહત્વપૌરાણિક સંબંધ ભારતીય સંસ્કૃતિમાં વાંસળી ભગવાન શ્રીકૃષ્ણ સાથે અભિન્ન રીતે જોડાયેલી છે. શ્રીકૃષ્ણની રાસલીલા અને રાધા-કૃષ્ણની પ્રેમકથામાં વાંસળી (મુરલી) કેન્દ્રસ્થાને છે.પ્રાચીન ઈતિહાસ વિશ્વ સ્તરે સ્લોવેનિયા અને જર્મની જેવા દેશોમાં આશરે ૪૩,૦૦૦ વર્ષ જૂની હાડકામાંથી બનેલી વાંસળીઓ મળી આવી છે. ચીનમાં પણ ૯,૦૦૦ વર્ષ જૂની વાંસળીના અવશેષો મળ્યા છે.

3. વાંસળી વગાડવાના સ્વાસ્થ્ય લાભો (Health Benefits)તબીબી વિજ્ઞાન અનુસાર, વાંસળી વગાડવી એ માત્ર એક કળા નથી પણ એક ઉત્તમ વ્યાયામ છેફેફસાની મજબૂતી આમાં શ્વાસ પર લાંબો સમય અંકુશ રાખવો પડતો હોવાથી ફેફસાંની કાર્યક્ષમતા (Lung Capacity) ખૂબ વધે છે.માનસિક શાંતિ વાંસળીનો સોફ્ટ અવાજ મગજમાં એન્ડોર્ફિન મુક્ત કરે છે, જે સ્ટ્રેસ અને ડિપ્રેશન ઘટાડવામાં મદદરૂપ થાય છે.

4. વાંસળી એ ભલે સાદું દેખાતું વાદ્ય હોય, પરંતુ તેનો ધ્વનિ સંપૂર્ણપણે ભૌતિક વિજ્ઞાન (Physics) પર કામ કરે છેએર રીડ (Air Reed) જ્યારે કલાકાર ફૂંક મારે છે, ત્યારે હવાનો પ્રવાહ વાંસળીની ધાર (Embouchure hole) સાથે અથડાઈને બે ભાગમાં વહેંચાઈ જાય છે.કંપન (Vibration) આ અથડામણને કારણે વાંસળીની અંદર રહેલી હવાનો સ્તંભ (Air column) કંપન કરવા લાગે છે, જેનાથી મધુર ધ્વનિ ઉત્પન્ન થાય છે.

5. વાંસળી બનાવવાની જટિલ કળા (The Craft of Flute Making)એક સામાન્ય વાંસના ટુકડામાંથી સુમધુર વાંસળી બનાવવાની પ્રક્રિયા ખૂબ જ ચોકસાઈ માંગી લે છે. આ કળાને શાસ્ત્રીય ભાષામાં અલાઈનમેન્ટ અને ટ્યુનિંગ કહેવામાં આવે છેવાંસની પસંદગી વાંસળી માટે સામાન્ય રીતે 'આસામી વાંસ' (સરળ અને લાંબી ગાંઠો વાળો વાંસ) શ્રેષ્ઠ માનવામાં આવે છે. વાંસ એકદમ સીધો, સૂકો અને સમાન વ્યાસ (Diameter) વાળો હોવો જોઈએ.ગરમ કરવાની પ્રક્રિયા વાંસને સીધો કરવા અને તેમાંથી ભેજ દૂર કરવા માટે તેને હળવા તાપ પર શેકવામાં આવે છે.

6. વાંસળી વગાડવાની અદભુત તકનીકો (Advanced Playing Techniques)શાસ્ત્રીય કે ફ્યુઝન સંગીત વગાડતી વખતે કલાકારો માત્ર છિદ્રો બંધ કે ચાલુ નથી કરતા, પરંતુ વિવિધ તકનીકોનો ઉપયોગ કરે છેમીંડ (Meend / Glissando) એક સ્વર પરથી બીજા સ્વર પર આંચકા વગર, એકધારી કડીમાં જવા માટે આંગળીને છિદ્ર પરથી ધીમેથી સરકાવવામાં આવે છે.

7. લોકવાદ્યમાંથી શાસ્ત્રીય વાદ્ય સુધીની સફરપ્રાચીન સમયમાં વાંસળી માત્ર ગોવાળો, આદિવાસીઓ અથવા લોકસંગીત પૂરતી મર્યાદિત હતી. તેને મોટા મંચ પર શાસ્ત્રીય સંગીત (Classical Music) વગાડવા માટે અયોગ્ય માનવામાં આવતી હતી. આ રૂઢિચુસ્તતાને તોડવા માટે બે મહાન કલાકારોએ વાંસળીની ડિઝાઇનમાં મોટા ફેરફારો કર્યાપંડિત પન્નાલાલ ઘોષની ક્રાંતિ તેઓ "ફાધર ઓફ મોર્ડન ક્લાસિકલ બાંસુરી" તરીકે ઓળખાય છે. તેમણે પરંપરાગત નાની વાંસળીના બદલે ૩૨ ઈંચ લાંબી અને મોટી વાંસળી તૈયાર કરી.

# સાવરકુંડલા કે.કે. હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિની બેઠક યોજાઈ



■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

સાવરકુંડલાની કે.કે. હોસ્પિટલમાં દર્દી સુવિધાઓ અને આરોગ્ય સેવાઓને વધુ સશક્ત બનાવવા માટે રોગી કલ્યાણ સમિતિની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક નાયબ કલેક્ટરના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા ઉપસ્થિત રહ્યા હતા. સાથે હોસ્પિટલ સ્ટાફ, અધિકારીશ્રીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ રાજકીય સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આ બેઠકમાં હોસ્પિટલના અધિકારીઓ, તબીબી સ્ટાફ અને સમિતિના સભ્યોએ પણ પોતાના સૂચનો રજૂ કર્યા હતા. આરોગ્ય સેવાઓને વધુ અસરકારક, સુલભ અને જનકેન્દ્રિત બનાવવાના સંકલ્પ સાથે બેઠક સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

# શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સાવરકુંડલા દ્વારા 348 મો વિના મૂલ્યે નેત્ર નિદાન યજ્ઞ યોજાયો







■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા દ્વારા મોતિયાના દર્દ થી પીડાતા દર્દીઓને ધ્યાનમાં રાખી દર માસના પ્રથમ શુક્રવારે યોજાતા વિના મૂલ્યે નેત્ર કેમ્પ આજરોજ તા- 05/06/2026 ના રોજ શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજી ની પાવન સ્મૃતિ માં 348 માં નેત્ર કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં વિરનગર હોસ્પિટલ ના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરો દ્વારા 87 જેટલા મોતિયા ના દર્દીઓ ની તપાસ કરવામાં આવી, જેમાંથી કુલ 07 જેટલા દર્દીઓ ને મોતિયાના ઓપરેશન ની જરૂર હોય એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ઓપરેશન માટે વિરનગર ની આંખ ની હોસ્પિટલમાં મોકલી આપવામાં આવેલ અને જે દર્દીઓ ને ચશ્મા અને દવાઓ ની જરૂર હતી એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ચશ્મા તેમજ દવાઓ પૂરી પાડવામાં આવી હતી . 348 માં વિના મૂલ્યે મહા નેત્રયજ્ઞ નું દિપ પ્રાગટ્ય સંસ્થાના વડા પરમ પૂજ્ય શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામી સાથે વિરનગર ના ડોક્ટર શ્રી, ગુરુકુળ હોસ્પિટલ ના ડોક્ટર શ્રી નિલેશભાઈ ત્રિવેદી વિગેરે દ્વારા કરવામાં આવેલ.સંસ્થા નાં કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામી ના સાનિધ્ય માં નેત્રયજ્ઞ ની તમામ વ્યવસ્થાઓ કરવામાં આવેલ.

નેત્રકેમ્પ ના યજમાન પદે મુંબઈ ના સ્વ. શાંતાબેન જીવણલાલ લાખાણી. હસ્તે. ચંદ્રકાંત ભાઈ જીવણલાલ લાખાણી રહ્યા હતા.

નેત્રયજ્ઞ ને સફળ બનાવવા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થા નાં કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામી નાં વડપણ હેઠળ સાથે સંસ્થાના કર્મચારીઓ એ જેહમત ઉઠાવી હતી, અને આવનાર તમામ દર્દી નારાયણ ને ચા સાથે જલેબી, ફાફડા વિગેરે નાસ્તો આપવામાં આવેલ હતો...

# જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા વાહકજન્ય રોગ નિયંત્રણ સંકલન સમિતિની બેઠક યોજાઈ

■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**




અમરેલી, તા. ૦૬ જૂન, ૨૦૨૬ (શનિવાર) - રાજ્ય સરકારની સૂચના મુજબ આગામી જૂન માસને મેલેરિયા વિરોધી માસ તથા જુલાઈ માસને ડેન્ગ્યુ વિરોધી માસ તરીકે ઉજવવા માટે અમરેલી જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સઘન આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ અનુસંધાને જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા વાહકજન્ય રોગ નિયંત્રણ સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી.

બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા મેલેરિયા અધિકારીશ્રી, તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ, વિવિધ સરકારી વિભાગોના અધિકારીશ્રીઓ તેમજ જિલ્લાના તમામ નગરપાલિકાઓના ચીફ ઓફિસરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન જિલ્લામાં વાહકજન્ય રોગોની વર્તમાન પરિસ્થિતિની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા માટે વિવિધ વિભાગો દ્વારા હાથ ધરવામાં આવનારી કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટરશ્રીએ તમામ વિભાગોને તેમના કાર્યક્ષેત્ર મુજબ અસરકારક અને સમયબદ્ધ પગલાં લેવા સૂચના આપી હતી.આંતરશાખાકીય સંકલન દ્વારા મેલેરિયા, ડેન્ગ્યુ સહિતના મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે વિવિધ વિભાગોની ભૂમિકા અને જવાબદારીઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સ્થિતિ, સ્વચ્છતા જાળવવા, મચ્છર ઉત્પત્તિના સંભવિત સ્થળોનો નાશ કરવા તેમજ જનજાગૃતિ અભિયાનને વધુ અસરકારક બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આગામી દિવસોમાં મેલેરિયા અને ડેન્ગ્યુ વિરોધી માસ અંતર્ગત વિવિધ જાગૃતિ કાર્યક્રમો, સર્વેલન્સ કામગીરી તથા નિવારક પગલાંઓને વધુ વેગ આપવામાં આવશે, જેથી વાહકજન્ય રોગોના કેસોમાં ઘટાડો લાવી શકાય અને જન આરોગ્યનું રક્ષણ સુનિશ્ચિત થઈ શકે.

## માનવ સેવા સાથે પ્રમાણિકતા નું ઉત્તમ ઉદાહરણ

# અકસ્માતમાં ઘાયલ દર્દીનો સામાન 108 ના કર્મીએ સ્વજનોને સોંપ્યો



રાજુલા ઊના રોડ પર મોરી ગ્રુપ પાસે ચારનાળા નજીક રસ્તા પર અકસ્માત થયેલ અકસ્માતમાં દાઢિયાળી ગામના હિંમતભાઈ ગોવાભાઈ સોલંકી ઉંમર ૫૦ વર્ષના ઘાયલ થતા સામાન સાચવીને રાખ્યો હતો,રાજ્ય સરકારની 108 ની સેવા સંખ્યાબંધ લોકોને ત્વરિત તબીબી સેવા પૂરી પાડી નવજીવન આપતી હોવાથી વિશ્વાસ અને ચોક્કસાઈનો પર્યાય બની ગઈ છે. જાહેર માર્ગો પર અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને સારવાર આપતા સમયે તેમની સાથે કોઈ સગા સંબંધી હાજર નહીં હોય તે પરિસ્થિતિમાં તેમની પાસે રહેલ કિંમતી મુદામાલ સાચવીને રાખી લેવામાં આવે છે. જે દર્દીના પરિવારજનોને રૂબરૂ બોલાવી 108 કર્મચારીઓ દ્વારા પરત કરાય છે. 108ની ટીમ દ્વારા સારવારની સાથો-સાથ ફરજનિષ્ઠ કર્મીઓ દ્વારા તેમની સાથેના કિંમતી વસ્તુઓ સોંપવાનો એક પ્રેરણાત્મક કિસ્સા વિશે વિગતો આપતા 108 ટીમના અમરેલી જિલ્લાના અધિકારી અમાનતઅલી નકવી એ જણાવ્યું હતું કે, રાજુલા થી ઉના રોડ ઉપર ચારનાળા નજીક મોરી ગ્રુપ પાસે રસ્તા પર અકસ્માત થયેલ હતું, આ અકસ્માત મા ઘવાયેલ બાઈક ચાલક ને સારવાર માટે 108 માં જાણ કરાઈ હતી.

108 મા જાણ થતાંજ નાગેશ્રી 108 ની ટીમ ના ઈ.એમ.ટી. રાજુભાઈ બાંભણીયા અને પાયલોટ બાલુભાઈ ગોહિલ ગણતરીની મિનિટોમાં જ ઘટનાસ્થળ પર પહોંચી ઘાયલ દર્દીને સારવાર પૂરી પાડી હતી. આ તકે તેઓને 108 એમ્યુલન્સ મારફત સારવાર આપી, અને રાજુલાની સરકારી હોસ્પિટલમા ખસેડ્યા હતા. ઈ.એમ. ટી. રાજુભાઈ બાંભણીયા અને પાયલોટ બાલુભાઈ ગોહિલ એ દર્દી હિંમતભાઈ ગોવાભાઈ સોલંકીના પરિવારજનોને જાણ કરી સરકારી હોસ્પિટલ રાજુલા ખાતે અંદાજીત રૂ. 76500/- રોકડા, તેમજ જરૂરી ડોક્યુમેન્ટ જેમ કે અલગ અલગ બેંકના એ.ટી.એમ. કાર્ડ, ક્રેડિટ કાર્ડ, આધાર કાર્ડ, પાનકાર્ડ, અને કીમતી મોબાઈલ ફોન, હોસ્પિટલમાં તેમના સગા અનકભાઈ પાંચાભાઈ સોલંકી તેમના ભાઈના છોકરાને સુપરત કરવામાં આવ્યા હતા, આ તકે ઘાયલના પરિવારજનોએ 108ની ટીમની સરાહનીય કામગીરીથી પ્રભાવિત થઈ આભાર માન્યો હતો. તેમજ આવી ઉત્કૃષ્ટ અને પ્રામાણિક કામગીરી કરવા બદલ 108 ના પ્રોગ્રામ મેનેજર કપિલ સોલંકી અને અમરેલી જીલ્લાના 108 ના અધિકારી અમાનતઅલી નકવી દ્વારા તેમને બિરદાવવામાં આવ્યા હતાં.

# ધાર ગામના 54 ખેડૂતો રસ્તાના પ્રશ્ને મુશ્કેલીમાં, તંત્ર પાસે ઉકેલની માંગ ..જાયે તો કહા જાયે









**■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

સાવરકુંડલા, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ધાર ગામના 54 જેટલા ખેડૂત ખાતેદારો રસ્તાના પ્રશ્ને મુશ્કેલીમાં મુકાયા છે. ખેડૂતોના જણાવ્યા મુજબ તેમની ખેતીની જમીન સુધી પહોંચવા માટે વર્ષોથી ઉપયોગમાં લેવાતો ગાડા માર્ગ છેલ્લા સાતથી આઠ મહિનાથી બંધ થઈ ગયો છે. માર્ગ પર દબાણ થવાના કારણે ખેડૂતોને ખેતીની જમીનમાં આવન-જાવન કરવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

માહિતી અનુસાર ધાર ગામથી કેરાળા જવાના માર્ગ પર આશરે 450 વિઘા જેટલી ખેતીની જમીન આવેલી છે, જ્યાં પહોંચવા માટેનો ગાડા માર્ગ ખેડૂતો માટે મુખ્ય માર્ગ તરીકે ઉપયોગમાં લેવાતો હતો. પરંતુ માર્ગ બંધ થતાં ખેડૂતો ખેતીના કામો માટે જમીન સુધી સરળતાથી પહોંચી શકતા નથી. ખેડૂતોનો આક્ષેપ છે કે સરપંચ, તાલુકા અને જિલ્લા કક્ષાના અધિકારીઓ ઉપરાંત મુખ્યમંત્રી સુધી અનેક વખત રજૂઆત કરવા છતાં પ્રશ્નનો કોઈ ઉકેલ આવ્યો નથી.ધાર ગામના ખેડૂતો હરેશભાઈ શિરોયા અને વિનુભાઈએ જણાવ્યું હતું કે જો માર્ગ ખુલ્લો નહીં કરવામાં આવે તો ખેતી કરવી મુશ્કેલ બની જશે અને ભવિષ્યમાં હિજરત કરવાની સ્થિતિ પણ સર્જાઈ શકે છે.ખેડૂતોની સમસ્યાને લઈને ધાર ગામના સરપંચ હંસાબેન કાકડિયાએ પણ ખેડૂતોને સમર્થન આપ્યું છે. તેમણે જણાવ્યું હતું કે આ માર્ગ રાજાશાહી સમયથી અસ્તિત્વમાં છે અને વર્ષોથી ખેડૂતો તેનો ઉપયોગ કરતા આવ્યા છે. તંત્રે 15 દિવસની અંદર યોગ્ય તપાસ કરીને ખેડૂતો માટે માર્ગ ખુલ્લો કરાવવો જોઈએ. નિયમ મુજબ તપાસ કરીને ખેડૂતોને તેમની જમીન સુધી પહોંચવાનો અધિકાર મળવો જરૂરી છે.

બીજી તરફ સાવરકુંડલાના ઇન્ચાર્જ મામલતદાર શૈલેષ લેવાએ જણાવ્યું હતું કે ખેડૂતોની રજૂઆત મળી છે અને મામલે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. તપાસ દરમિયાન જો માર્ગ પર દબાણ હોવાનું સામે આવશે તો નિયમ મુજબ માપણી કરીને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.સરકાર દ્વારા જાહેર રસ્તા અને જમીનો પરના દબાણો દૂર કરવાની વાતો વચ્ચે ધાર ગામના ખેડૂતો હજુ પણ પોતાના હક્કના માર્ગ માટે તંત્રના દરવાજા ખખડાવી રહ્યા છે. હવે તંત્ર કેટલા સમયમાં તપાસ પૂર્ણ કરીને ખેડૂતોના પ્રશ્નનો ઉકેલ ક્યારે આવશે..

# સોનિક ફાઉન્ડેશન સાવરકુંડલા દ્વારા શ્રી કૃષ્ણ ગૌશાળા ખાતે દરરોજ 400 પરિવારને વિનામૂલ્યે છાશ વિતરણ




**■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

ઉનાળાની ગરમીમાં લોકોને છાશ મળી રહે તે માટે સોનિક ફાઉન્ડેશન સાવરકુંડલા દ્વારા દેવળા ગેઈટ ખાતે આવેલા શ્રીકૃષ્ણ ગૌશાળા ખાતે વિનામૂલ્યે છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે આ છાશ કેન્દ્ર ખાતે ઉનાળા દરમિયાન દરરોજ સવારે 630 થી 730 સુધી 1000/1200 લીટર છાશનું વિતરણ કરવામાં આવે છે. સોનિક ફાઉન્ડેશનના વિનામૂલ્યે છાશ મેળવવાની સેવાકીય પ્રવૃત્તિઓનો લાભ લેવા માટે સાવરકુંડલાના પરિવારને સોનિક ફાઉન્ડેશન દ્વારા અપીલ કરવામાં આવી રહી છે છેલ્લા 11 વર્ષથી સોનિક ફાઉન્ડેશન દ્વારા આ વિનામૂલ્યે છાશ વિતરણની સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે આ વખતે આ ગરમીમાં 15 માર્ચ 2026 થી છાશ વિતરણ કરવામાં આવી રહ્યું છે જેમાં દરરોજ 400 પરિવારોને વિનામૂલ્યે છાશ વિતરણ કરવામાં આવે છે આ છાશ કેન્દ્રમાં સેવાભાવી કાર્યકરો જીતેશભાઈ ગેડિયા, નાંઢા જીતેન્દ્રભાઈ, તેજસભાઈ, રાઠોડ દિલીપભાઈ, નિકુલભાઈ ગેડિયા અવિરત સેવા આપી રહેલ છે અને સોનીક ફાઉન્ડેશનનો ધ્યેય સાવરકુંડલા અધ્યતન આધુનિક હાર્ટ હોસ્પિટલ નું નિર્માણ કરવાનો છે.

# "સ્વસ્થ કિડની - સ્વસ્થ જીવનની ચાવી"

Dr. Vishal K. Chavda, MS, PhD, FICN



કિડની એ આપણા શરીરમાં બીન આકારના અંગો છે જે ઘણા મહત્વપૂર્ણ કાર્યો કરે છે. કિડની લોહીને ફિલ્ટર કરવામાં મદદ કરે છે, ખનિજ તત્વોને સંતુલિત કરવામાં મદદ કરે છે, પેશાબ દ્વારા કચરો દૂર કરે છે, હોર્મોન્સ ઉત્પન્ન કરે છે અને શરીરનું પ્રવાહી સંતુલન જાળવે છે. કિડની રોગ થવા માટેના સૌથી સામાન્ય જોખમી પરિબળો અનિયંત્રિત ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર છે. જ્યારે કિડની યોગ્ય રીતે કામ કરી શકતી નથી અને તેને નુકસાન થાય છે ત્યારે શરીરમાં પ્રવાહી જમા થઈ શકે છે અને લોહીમાં કચરો એકઠો થઈ શકે છે. ક્રોનિક કિડની ડિસીઝ (CKD) એક એવી સ્થિતિ છે જેમાં કિડનીને નુકસાન થાય છે અને તે લોહીને જોઈએ તેટલું ફિલ્ટર કરી શકતું નથી. આ કારણે, લોહીમાંથી વધારાનું પ્રવાહી અને કચરો શરીરમાં રહે છે અને અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે, જેમ કે હૃદય રોગ અને સ્ટ્રોક. જો તમે કિડનીના રોગની દવાઓ લેતા હોવ, તો અમુક દવાઓ, જેને નેફ્રોટોક્સિક દવાઓ (કોલેસ્ટ્રોલ માટેની દવાઓ, પીડા માટે પીડાનાશક દવાઓ, એન્ટિ-ફંગલ, એન્ટિબાયોટિક અને એન્ટિવાયરલ દવાઓ, ડાયાબિટીસવાળા લોકો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી ઇન્સ્યુલિન અને અમુક દવાઓ શરીરમાંથી કિડની દ્વારા દૂર કરવામાં આવે છે. અનિયંત્રિત ડાયાબિટીસ એ કિડનીની બિમારીના વિકાસનું કારણ છે; તે તમારી કિડનીને નુકસાન પહોંચાડી શકે છે (મહત્વનું છે કે ડાયાબિટીસ ધરાવતા લોકો તેમના લોહીમાં સુગરના સ્તરને નિયંત્રિત કરે).

આ અનિયંત્રિત ડાયાબિટીસ તમારી કિડની માટે તમારા લોહીના પ્રવાહમાંથી કચરો અને અન્ય પદાર્થોને ફિલ્ટર કરવાનું મુશ્કેલ બનાવી શકે છે. આમાંની કેટલીક દવાઓ કિડનીના કાર્યને થોડું બગડે છે, જ્યારે અન્ય વધુ ગંભીર ઈજા પહોંચાડી શકે છે. કિડનીને નુકસાન થવાનું તમારું જોખમ તમારી વ્યક્તિગત સ્વાસ્થ્ય સ્થિતિ અને તમે જે દવાઓ લઈ રહ્યાં છો તેના પર આધાર રાખે છે. થોડા વિટામિન્સ નેફ્રોપ્રોટેક્ટિવ છે જે કિડનીને નુકસાન સામે રક્ષણ આપે છે વિટામિન્સ B1, B2, B6, B12, ફોલિક એસિડ, નિયાસિન, પેન્ટોથેનિક એસિડ, બાયોટિન અને વિટામિન સીની નાની માત્રા કિડનીની સામાન્ય કામગીરીને રક્ષણ આપે છે અને મદદ કરે છે. આ વિટામિન તમારા ભોજનમાં હોવા જોઈએ.

તમે કેવી રીતે જાણી શકશો કે તમને કિડનીની બીમારી થઈ શકે છે? અથવા તમે કિડની રોગની સ્થિતિ વિકસાવી રહ્યા છો?

કિડનીના રોગના વિકાસની એક સૌથી મહત્વપૂર્ણ અને સામાન્ય નિશાની છે સખત મહેનત વિના થાક, કામ અને ધ્યાન કેન્દ્રિત કરવામાં અસમર્થતા, કોઈપણ સમયે કારણ વગર શ્વાસ લેવામાં તકલીફ!! જ્યારે તમારી કિડની યોગ્ય રીતે કામ કરતી નથી, ત્યારે ઝેર-toxin (ક્રિએટિનાઇન) એકત્ર થઈ શકે છે. કિડની તમારા લોહીમાંથી કચરો ફિલ્ટર કરે છે અને તેને તમારા પેશાબમાં મોકલે છે. કિડની દ્વારા ઉત્પાદિત હોર્મોન્સ એરિથ્રોપોએટિન, કેલ્સીટ્રિઓલ, રેનિન છે. એરિથ્રોપોએટિન RBC (લાલ રક્તકણો) ના ઉત્પાદનમાં વધારો કરે છે. કેલ્સીટ્રિઓલ શરીરમાં કેલ્શિયમ અને ફોસ્ફરસના સ્તરને નિયંત્રિત કરે છે. રેનિન શરીરમાં બ્લડ પ્રેશર અને પ્રવાહી સંતુલનને નિયંત્રિત કરે છે. કિડની એરિથ્રોપોએટિન બનાવે છે જે તમારા શરીરને લાલ રક્તકણો બનાવવાનું કહે છે. જો તમારી પાસે લાલ રક્તકણો ઓછા હોય, તો તમારું લોહી તમારા સ્નાયુઓ અને મગજને જોઈએ તેટલો ઓક્સિજન પહોંચાડી શકતું નથી, તેથી તમે ધીમે ધીમે કિડની રોગ દરમિયાન ઉપરોક્ત તમામ લક્ષણો વિકસિત કરો છો. ક્રોનિક કિડની ડિસીઝ દરમિયાન, કિડની તમારા શરીરમાં ખનિજો અને પોષક તત્વોને સંતુલિત કરી શકતી નથી. મહત્વપૂર્ણ ખનિજ તત્વોની આ ઉણપ ખનિજ- પોષક તત્વોને અને હાડકાના રોગ તરફ દોરી શકે છે, જે તમારી ત્વચાને શુષ્ક અને ખંજવાળ બનાવી શકે છે. જ્યારે તમારી કિડની સારી રીતે સોડિયમને સારી રીતે ફિલ્ટર કરી શકતી નથી, ત્યારે તમારા શરીરમાં પ્રવાહી જમા થાય છે. જેનાથી હાથ, પગ, પગની ઘૂંટી, પગ અથવા સોજાવાળા ચહેરા થઈ શકે છે. તમે ખાસ કરીને તમારા પગ અને પગની ઘૂંટીઓમાં સોજો જોશો અને તમારા પેશાબમાંથી પ્રોટિન લીક થવાથી તમારી આંખોની આસપાસ સોજા દેખાય છે. તમારા પગમાં અને અન્ય જગ્યાએ ખેંચાણ એ કિડનીના નબળા કાર્યની નિશાની હોઈ શકે છે.

સોડિયમ, કેલ્શિયમ, પોટેશિયમ અથવા અન્ય ઈલેક્ટ્રોલાઈટ્સના સ્તરોમાં અસંતુલન તમારા સ્નાયુઓ અને ચેતા કેવી રીતે કાર્ય કરે છે તે વિક્ષેપિત કરી શકે છે. જ્યારે તમને કિડનીની બીમારી હોય, ત્યારે તમારા અંગો એરિથ્રોપોએટિન નામના હોર્મોનનું પૂરતું ઉત્પાદન કરતા નથી. હોર્મોન્સ તમારા શરીરને લાલ રક્તકણો બનાવવા માટે સંકેત આપે છે. તેના વિના, તમને એનિમિયા થઈ શકે છે અને શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે. કિડની રોગનું બીજું સંભવિત લક્ષણ પ્રવાહીનું સંચય છે. તમને તમારા શ્વાસ લેવામાં મુશ્કેલી પડી શકે છે. ગંભીર કિસ્સાઓમાં, સૂવાથી તમને એવું લાગે છે કે તમે ડૂબી રહ્યા છો, એવું લાગે છે કે તમે અવકાશમાં તમારું શરીર ગુમાવ્યું છે. જ્યારે તમારી કિડની તમારા શરીરમાંથી તમામ કચરાને ફિલ્ટર કરતી નથી, ત્યારે કચરો (ઝેર) તમારા મગજને અસર કરી શકે છે. કિડનીના રોગને કારણે એનિમિયા પણ તમારા મગજને જરૂરી ઓક્સિજનથી અવરોધે છે. તમને ચક્કર આવી શકે છે અને એકાગ્રતા અને યાદશક્તિમાં તકલીફ થઈ શકે છે. તમે એટલા મૂંઝવણમાં પણ પડી શકો છો કે તમને સરળ કાર્યોમાં મુશ્કેલી પડે છે. કિડનીના રોગને કારણે ઉબકા અથવા ઉલટીનું કારણ બની શકે છે, તમારા પેટને ખરાબ કરી શકે છે અને તે તમને ખોરાકની થોડી તૃષ્ણા સાથે છોડી શકે છે જે ક્યારેક વજનમાં ઘટાડો તરફ દોરી શકે છે.

જ્યારે તમારી કિડની કચરો (Urea, Uric Acid, Creatinine and Toxins) ફિલ્ટર કરી શકતી નથી, ત્યારે તે યુરેમિયા નામની સ્થિતિનું કારણ બની શકે છે, જેનાથી તમારા મોઢામાં દુર્ગંધ આવી શકે છે. ઉપરાંત, તમારા લોહીના પ્રવાહમાં ઝેરી પદાર્થો ખોરાકને ધાતુયુક્ત અથવા અપ્રિય સ્વાદ આપી શકે છે. પુષ્કળ બબલ સાથે પેશાબ એ આલ્બ્યુમિન નામના વધુ પડતા પ્રોટીનની નિશાની હોઈ શકે છે. તે કિડનીની સમસ્યાઓથી પરિણમી શકે છે. તેથી તે બ્રાઉનશ અથવા ખૂબ જ નિસ્તેજ પેશાબ કરી શકે છે.

ખામીયુક્ત કિડની પણ તમારા મૂત્રાશયમાં લોહીને લીક કરી શકે છે. તમારા પેશાબમાં લોહી કિડનીની પથરી, ગાંઠ અથવા ચેપને કારણે આવી શકે છે. તમારા આહારમાં અમુક ખાદ્યપદાર્થોને ટાળવા અથવા મર્યાદિત કરવાથી લોહીમાં કચરાના ઉત્પાદનોના સંચયને ઘટાડવામાં, કિડનીની કામગીરીમાં સુધારો કરવામાં અને વધુ નુકસાન અટકાવવામાં મદદ મળી શકે છે. ક્રોનિક કિડની ડિસીઝના પ્રારંભિક તબક્કાવાળા લોકો માટે આહાર નિયંત્રણો અંતિમ તબક્કામાં મૂત્રપિંડની બિમારી અથવા કિડનીની નિષ્ફળતા ધરાવતા લોકો કરતાં અલગ અલગ હોઈ શકે છે. ઉપરાંત, જેમને ડાયાલિસિસની જરૂર હોય તેઓને પણ વિવિધ આહાર પ્રતિબંધો હશે.





## વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સાવરકુંડલામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો...

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

5 જૂન 2026 શુક્રવારના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સાવરકુંડલા નગરપાલિકા દ્વારા શહેરમાં વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરને વધુ હરિયાળું, સ્વચ્છ અને પર્યાવરણમૈત્રી બનાવવાનો હતો. સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ નયનાબેન કાપડિયા સહિત નગરપાલિકાના આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.વૃક્ષારોપણની સાથે પર્યાવરણ જાળવણી, સ્વચ્છતા અને હરિયાળી વધારવા અંગે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# 10 જૂને નરેન્દ્ર મોદી રચશે ઈતિહાસ દેશના સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા વડાપ્રધાન બનશે

## નેહરુનો 74 વર્ષ જૂનો રેકોર્ડ તૂટશે, ભારતીય રાજકારણમાં લખાશે નવો અધ્યાય



નવી દિલ્હી  10 જૂન, 2026નો દિવસ ભારતીય લોકશાહીના ઈતિહાસમાં એક ઐતિહાસિક દિવસ તરીકે નોંધાવાનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશના સૌથી લાંબા સમય સુધી સતત ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે નવો રેકોર્ડ પોતાના નામે કરશે. તેઓ સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુના 4,398 દિવસના રેકોર્ડને પાછળ છોડીને 4,399 દિવસના સતત કાર્યકાળ સાથે દેશના સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા વડાપ્રધાન બનશે.

આ સિદ્ધિ માત્ર એક આંકડો નથી, પરંતુ છેલ્લા એક દાયકાથી વધુ સમય દરમિયાન દેશની જનતાએ દર્શાવેલા વિશ્વાસ, સતત મળેલા જનસમર્થન અને સ્થિર રાજકીય નેતૃત્વનું પ્રતિબિંબ છે. સામાન્ય પરિવારમાંથી આવેલી એક વ્યક્તિ દેશના સર્વોચ્ચ પદ સુધી પહોંચીને આટલો લાંબો સમય જનતાનો વિશ્વાસ જાળવી રાખે તે ભારતીય લોકશાહીની એક અનોખી ઘટના ગણાય છે.

**ચાની દુકાનથી દેશના સૌથી મોટા રાજકીય નેતા સુધીની સફર**

17 સપ્ટેમ્બર, 1950ના રોજ ગુજરાતના વડનગરમાં જન્મેલા નરેન્દ્ર મોદીનું બાળપણ સામાન્ય પરિવારમાં પસાર થયું હતું. પરિવારને મદદરૂપ થવા માટે તેઓ બાળપણમાં ચાની દુકાન પર પણ કામ કરતા હતા. યુવાનીમાં તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) સાથે જોડાયા અને જાહેર જીવનમાં સક્રિય બન્યા.ભાજપમાં સંગઠનના વિવિધ હોદ્દાઓ પર કામગીરી કર્યા બાદ વર્ષ 2001માં તેઓ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા. ગુજરાતમાં લગભગ 13 વર્ષ સુધી સફળ નેતૃત્વ આપ્યા બાદ વર્ષ 2014માં તેઓ પ્રથમ વખત દેશના વડાપ્રધાન બન્યા. ત્યારબાદ 2019 અને 2024ની લોકસભા ચૂંટણીમાં પણ ભાજપને વિજય અપાવી સતત ત્રીજી વખત વડાપ્રધાન બન્યા.

**સતત ત્રણ લોકસભા ચૂંટણી જીતનારા બીજા નેતા**

ભારતના ઈતિહાસમાં જવાહરલાલ નેહરુ બાદ નરેન્દ્ર મોદી બીજા એવા નેતા છે જેમણે સતત ત્રણ લોકસભા ચૂંટણી જીતીને વડાપ્રધાન પદ જાળવી રાખ્યું છે. 2014માં પૂર્ણ બહુમતી સાથે સત્તામાં આવ્યા બાદ 2019માં વધુ મોટી જીત મેળવી અને 2024માં ફરીથી જનતાનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો.આ સિદ્ધિ દર્શાવે છે કે એક દાયકાથી વધુ સમય સુધી દેશની રાજનીતિમાં તેમનો પ્રભાવ અવિરત રહ્યો છે.

**અનેક ઐતિહાસિક રેકોર્ડ પહેલેથી જ નામે**

નરેન્દ્ર મોદીના નામે માત્ર આ એક જ રેકોર્ડ નથી. તેઓ પહેલાથી જ દેશના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા બિન-કોંગ્રેસી વડાપ્રધાન બની ચૂક્યા છે. આ ઉપરાંત ગુજરાતના મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન તરીકે મળીને તેઓ 8,900થી વધુ દિવસ સુધી ચૂંટાયેલા શાસક તરીકે સેવા આપી ચૂક્યા છે, જે પણ એક રાષ્ટ્રીય રેકોર્ડ છે.રાજકીય વિશ્લેષકોના મતે સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં કોઈ પણ બિન-કોંગ્રેસી નેતા માટે આટલો લાંબો અને સતત પ્રભાવ જાળવી રાખવો અત્યંત દુર્લભ ઘટના છે.

**વિકાસ અને પરિવર્તનના દાયકાની ઓળખ**

વડાપ્રધાન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન દેશમાં અનેક મહત્વપૂર્ણ યોજનાઓ અને નિર્ણયો અમલમાં મૂકવામાં આવ્યા છે. જનધન યોજના, સ્વચ્છ ભારત મિશન, ડિજિટલ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, ઉજ્જવલા યોજના, આયુષ્માન ભારત, આત્મનિર્ભર ભારત અભિયાન જેવી પહેલોએ દેશના વિકાસને નવી દિશા આપી છે.દેશભરમાં હાઈવે, એક્સપ્રેસ-વે, રેલવે, મેટ્રો, એરપોર્ટ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે અને આગામી વર્ષોમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યું છે.

**વિશ્વ મંચ પર ભારતની વધતી પ્રતિષ્ઠા**

નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમિયાન વૈશ્વિક સ્તરે ભારતની પ્રતિષ્ઠામાં પણ વધારો થયો છે. G-20 સમિટનું સફળ આયોજન, આંતરરાષ્ટ્રીય કૂટનીતિમાં ભારતની મજબૂત ભૂમિકા, વિવિધ દેશો સાથે વ્યૂહાત્મક ભાગીદારી અને વૈશ્વિક મુદ્દાઓ પર ભારતનો વધતો પ્રભાવ તેમની સરકારની મહત્વપૂર્ણ ઉપલબ્ધિઓમાં ગણાય છે.વિશ્વના અનેક દેશોના નેતાઓ સાથેના મજબૂત સંબંધોને કારણે ભારત આજે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

**મોદી માટે વધુ રેકોર્ડની તક**

રાજકીય નિરીક્ષકોનું માનવું છે કે જો વર્તમાન લોકસભાનો કાર્યકાળ પૂર્ણ થાય તો નરેન્દ્ર મોદી 2029 સુધીમાં વધુ કેટલાક ઐતિહાસિક રેકોર્ડ પણ પોતાના નામે કરી શકે છે. દેશના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા વડાપ્રધાન તરીકે તેમનું સ્થાન વધુ મજબૂત બનશે.

**ભારતીય રાજકારણમાં એક ઐતિહાસિક ક્ષણ**

10 જૂન, 2026 માત્ર એક તારીખ નથી. આ દિવસ ભારતીય રાજકારણના ઈતિહાસમાં એક નવા અધ્યાય તરીકે યાદ રહેશે. સામાન્ય પરિવારમાંથી શરૂ થયેલી સફર દેશના સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા વડાપ્રધાન બનવા સુધી પહોંચી છે.જ્યારે નરેન્દ્ર મોદી આવતીકાલે જવાહરલાલ નેહરુનો 74 વર્ષ જૂનો રેકોર્ડ તોડશે, ત્યારે ભારતીય લોકશાહીના ઈતિહાસમાં વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન ઉમેરાશે. આ સિદ્ધિ માત્ર એક નેતાની સફળતા નથી, પરંતુ સતત જનસમર્થન, રાજકીય સ્થિરતા અને લાંબા ગાળાના નેતૃત્વનું પ્રતિક પણ છે.

**મોદીના નામે મુખ્ય રેકોર્ડ**

દેશના સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા વડાપ્રધાન * સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા બિન-કોંગ્રેસી વડાપ્રધાન * સતત ત્રણ લોકસભા ચૂંટણી જીતનારા બીજા નેતા * મુખ્યમંત્રી અને વડાપ્રધાન તરીકે સૌથી લાંબો કુલ કાર્યકાળ 8,900થી વધુ દિવસ ચૂંટાયેલા * શાસક તરીકે સેવા 2029 સુધી વધુ ઐતિહાસિક રેકોર્ડ બનાવવાની તક


SAINT THOMAS SCHOOL
SAVARKUNDLA

સેન્ટ થોમસ ઈંગ્લીશ સ્કૂલ

ગીરધરવાવ પાછળ, મહુવારોડ, સાવરકુંડલા. ફોન : 94264 22144/02845-295032

શું તમારા બાળકને ભવિષ્ય માટે મજબૂત આધાર મળી રહ્યો છે?

ઘણા વાલીઓને ચિંતા રહે છે !!!
પૂરતું વ્યક્તિગત ધ્યાન મળતું નથી * અભ્યાસનો મજબૂત આધાર નથી
અંગ્રેજી બોલવામાં આત્મવિશ્વાસ ઓછો છે,,,

આ તમામ ચિંતાઓનું સમાધાન એટલે થોમસ સ્કુલ...

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે
પ્રવેશકાર્ય શરૂ છે...
ધોરણ :
નર્સરી થી ધોરણ-૯

અમારી વિશેષતાઓ

- દર વર્ષે ૧૦૦% પરિણામ
- અંગ્રેજી માધ્યમ શિક્ષણ
- અનુભવી અને સંવેદનશીલ શિક્ષકો
- સુરક્ષિત અને શિસ્તબદ્ધ કેમ્પસ
- દરેક વિદ્યાર્થી પર વ્યક્તિગત ધ્યાન

દર વર્ષે 100 % પરિણામ

તમારા બાળકના ભવિષ્ય સાથે સમાધાન ન કરો.

વહેલા પ્રવેશ માટે ખાસ લાભ * સંપર્ક: 9376245177 /9033321323 * મર્યાદિત બેઠકો આજે જ પ્રવેશ લો!